# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીના પર્વની આજથી ઉજવણી

## બજારોમાં ખજૂર, ધાણી, હાયડાના ઢગ ખડકાયા : પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીના પર્વની આજથી ઉજવણી થનારી છે. જિલ્લાભરમાં ભારતીય સંસ્કૃતિના આ સૌથી મોટા તહેવારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ ઉત્સવને ઉજવવા થનગની રહ્યા છે. ત્યારે આજે તા.૧૭ના રોજ જિલ્લામાં રંગોના પર્વ હોળી-ધૂળેટીની ઉજવણીને લઈને હોળીની પૂર્વ સંધ્યાએ જિલ્લાભરમાં ભારે ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. જ્યારે વિવિધ પ્રકારની પીચકારીઓ અને રંગોના બજારોમાં ઢગ ખડકાયા હતા અને હોળી નિમિત્તે ગોઠ માગનારાઓ પણ ફાગણ આયો..ફાગણ આયોના ગીતો ગાઈ હોળી-ધૂળેટીના પર્વને વધાવતા જોવા મળ્યા હતા. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં તા.૧૮ના રોજ હોળી પર્વની ઉજવણી થશે. રાત્રે ૯ કલાક પછી હોળી પ્રગટાવવાનું મુહુર્ત હોવાનું કેટલાંક જ્યોતિષોએ જણાવ્યું છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સરહદને અડીને જ રંગીલા રાજસ્થાનની સરહદ શરૂ થાય છે જ્યારે જિલ્લાના સરહદ નજીકના ગામોનો ઘનિષ્ઠ નાતો જોડાયેલો હોવાથી જિલ્લામાં હોળી-ધૂળેટીનું પર્વમાં રાજસ્થાનની છટા અચૂક



જોવા મળતી હોય છે. જિલ્લામાં આજે-આવતીકાલે હોળી પર્વની ભારે ધામધૂમથી ઉજવણી થવાની હોવાથી પ્રજામાં તેનો જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં રાત્રિના શુભ મૂહુર્તમાં હોલિકા દહનના કાર્યક્રમો પણ આયોજીત કરાયા છે. હોલિકા દહન સ્થળે મોટી સંખ્યામાં મેદની ઉમટતી હોવાથી પોલીસ દ્વારા પણ ચૂસ્ત બંદોબસ્ત ધૂળેટીનું પર્વ સંપન્ન થાય ત્યાં સુધી ઉભો કરાયો છે. જિલ્લામાં હોળી નિમિત્તે તમામ વિસ્તારોમાં જેમ ના પ્રસંગો પણ શરૂ થયા હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં હોળીના પર્વની કંઈક અલગ જ અદા જોવા મળી રહી છે. જિલ્લામાં ખેતી અને બાંધકામ ક્ષેત્રે કામ કરતા કામદારો રાજસ્થાન તથા પંચમહાલના હોવાથી આ વિસ્તારોમાં જિલ્લા કરતાંય હોળી-ધૂળેટીના પર્વનું વિશેષ મહત્વ હોવાથી તમામ શ્રમજીવીઓ તહેવારો ઉજવવા માટે વતન રવાના થઈ જતાં ક્વોરી ઉદ્યોગ તથા સીરામીક ઉદ્યોગ સહિત બાંધકામ ક્ષેત્રે મીની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં હોળી-ધૂળેટી પર્વના પર્વની પૂર્વ સંધ્યાએ પીચકારી, ખજૂર, ધાણી તથા રંગ ખરીદવા માટે પ્રજાએ ઘસારો કરતાં બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. જિલ્લામાં હોલિકા દહન માટે સાંજે ૯-૦૦ થી ૧૦-૦૦ કલાકે શુભ મૂહુર્ત હોવાથી આ સમયે હોલિકાનું દહન થશે અને જે સ્થળે હોળી પ્રગટાવવાની હોય તેના નીચે પરંપરાગત રીતે વરતારો જોવા માટે ગત વર્ષે મૂકવામાં આવેલા પાણીના પાત્ર તથા લાડુને બહાર કાઢી વરતારો જોવાશે. જિલ્લામાં તમામ વિસ્તારોમાં હોલિકા દહનના કાર્યક્રમ યોજાવાના હોવાથી પોલીસ દ્વારા પણ ચૂસ્ત બંદોબસ્ત ઉભો કરવામાં આવ્યો છે. જ્યારે બીજા દિવસે ધૂળેટીનું પર્વ હોવાથી શાંતિમય વાતાવરણમાં બંન્ને તહેવારોની ઉજવણી થાય તે હેતુસર પોલીસ દ્વારા જરૂરી પગલાં ભરવામાં આવ્યાં છે. જિલ્લામાં કુદરતી રંગોના બદલે રાસાયણિક રંગોનો વધુ વપરાશ થતો હોવાથી ધૂળેટીના દિવસે ખાસ સાવધાનીપૂર્વક ધૂળેટી રમવાની સલાહ પણ જાગૃતોએ આપવાની શરૂઆત કરી છે.

## બોલુંદરા શ્રીકૃષ્ણાશ્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા પાઠશાળાના છાત્રોને પીતાંબરી વિતરણ કરાઈ



આજે બોલુંદરા શ્રીકૃષ્ણાશ્રમમાં પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ સી.આર.પાટીલના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લા ભાજપ સંગઠન દ્વારા હવન યજ્ઞ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે અહીં ચાલતી વૈદિક પાઠસ્લામ અભ્યાસ કર્યા તમામ છાત્રોને પ્રભારી જયશ્રીબેન તેમજ જિલ્લા ભાજપના પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ અને કાર્યકરોના હસ્તે પીતાંબરીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## ધનસુરા તાલુકામાં ૧૨ થી ૧૪ વર્ષના બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું



ભારત સરકાર ની માર્ગદર્શીકા મૂજબ રાજ્યભર માં ૧૨ થી ૧૪ વર્ષ ના બાળકો નું કોવિડ-૧૯ નું રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું ત્યારે અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકા માં પણ વિવિધ જગ્યાએ ૧૨ થી ૧૪ વર્ષ ની વય જૂથના બાળકો ને કોવિડ-૧૯ નું રસીકરણ કરવામાં આવ્યું હતું.જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ માટે હાઈસ્કૂલ, પ્રાથમિક શાળાઓ સહિત વિવિધ જગ્યાએ આરોગ્યતંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.ધનસુરા ની પ્રાથમિક શાળા નંબર ૧,જે.એસ. મહેતા હાઈસ્કૂલ સહિત વિવિધ જગ્યાએ રસીકરણ કરવામાં આવ્યું હતુ પ્રાથમિક શાળા નંબર ૧ ખાતે ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.બાળકો ને પ્રથમ ડોઝ આપ્યા બાદ હવે ૨૮ દિવસ પછી બીજો ડોઝ આપવામાં આવશે.અગાઉ ૧૫ થી ૧૮ વર્ષ ના બાળકો ને પણ રસી અપાઈ ચૂકી છે એવામાં હવે ૧૨ થી ૧૪ વર્ષ ના બાળકો નું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારી ના માર્ગદર્શન હેઠળ ધનસુરા માં વિવિધ જગ્યાએ રસીકરણ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહ પૂર્વક બાળકોએ ભાગ લીધો હતો.

## સરડોઈમાં સી.આર.પાટિલના જન્મદિવસની ઉજવણી



મોડાસા તાલુકાના સરડોઈ ગામે બુધવારે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી.આર. પાટીલ ના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરડોઈ પ્રાથમિક શાળા તથા આંગણવાડી કેન્દ્રમાં ભુલકાઓને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે મોડાસા તાલુકા ભાજપ ઉપપ્રમુખ ચિરાગ ગોસ્વામી, નટુભાઈ વણકર,મનુભાઈ સુથાર ,કાંતિભાઈ રાવળ અરવિંદભાઈ રાવળ વગેરે સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જુનાડીસામાં ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને કોરોના રસીકરણ શરૂ



ભારત સરકારના આદેશાનુસાર તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.જીગ્નેશભાઈ હરિયાણીના માર્ગદર્શન હેઠળ અને જુનાડીસા પ્રા..આ.કે. ના મેડિકલ ઓફિસર ડૉ. હિમા પટેલના નેતૃત્વ હેઠળ આજરોજ બુધવારે જુનાડીસા ખાતે આવેલ ડી.જે.એન. મહેતા હાઈસ્કૂલ અને જે.એમ. મહેતા હાઈસ્કૂલમાં ભણતા ૧૨ થી ૧૪ વર્ષ સુધીના બાળકોનું પ્રા.આ.કે. ની આરોગ્ય ટીમ દ્વારા કોરોના રસીકરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે ડી.જે.એન મહેતા હાઈસ્કૂલના આચાર્ય પ્રમોદભાઈ મહેતાએ ઉપસ્થિત રહી બાળકોને કોરોના રસી લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રા.આ.કે. ના આરોગ્ય સ્ટાફના નવનીતભાઈ અઢીયોલ, અરવિંદભાઈ દેલવાડિયા, પ્રકાશભાઈ શ્રીમાળી, સી.એચ.ઓ. શિવાની રાઠોડ, મહિમા પરમાર, મનીષા પરમાર તથા આશા બહેનો સહિત સ્ટાફે ઉપસ્થિત રહી બાળકોનું કોરોના રસીકરણ સફળતા પૂર્વક પૂર્ણ કર્યું હતું.

## ગુજરાત ભાજપ પ્રમુખના જન્મ દિવસ નિમિતે ૐ આહુતિ યજ્ઞ યોજાયો

ભારતીય જનતા પાર્ટી ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ ના જન્મદિવસ નિમિત્તે ૐ આહુતિ યજ્ઞ યોજાયો હતો. અરવલ્લી જિલ્લા યુવા મોરચા ધનસુરા મંડલ દ્વારા ધનસુરા નજીક આવેલ ખાંડીયાર માતાજીના મંદિર ખાતે ૐ આહુતિ યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ, ધનસુરા ભાજપ પ્રમુખ જગદીશભાઈ, ધનસુરા તાલુકા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પટેલ, અરવલ્લી યુવા મોરચા ના પ્રમુખ અમિષ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ ના મહામંત્રી અવધેશ પટેલ,વિજેશભાઈ,જિલ્લા મહિલા મોરચા ના મહામંત્રી પ્રીતિબેન ઠેકડી, ધનસુરા ભાજપ યુવા મોરચા ના પ્રમુખ દુષ્યંત પટેલ સહિત યુવા મોરચા ના હોદ્દેદારો તથા કાર્યકર્તા ઓ ઉપસ્થિત રહ્યા હતા.



## રાજ્યકક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં પોશીના તાલુકાની પરંપરાગત સંસ્કૃતિની ઝાંખી છવાઈ

બાયડ,તા.૧૬

સાબરકાંઠા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માં રાજ્યભરમાંથી ૧૬૦ જેટલી કૃતિઓ રજૂ થઈ જેમાં પોશીના તાલુકામાંથી વીરાફળો પ્રાથમિક શાળાના શિક્ષક રા બીરબલભાઈ રમેશ ભાઈ રાઠોડ દ્વારા પોશીના તાલુકાની પરંપરાગત સંસ્કૃતિ લોકમેળા, પ્રાકૃતિક સોંદર્ય, ઐતિહાસિક સ્થળો, પરંપરાગત રિવાજ, પરંપરાગત ખાણીપીણી, આજુબાજુ ઉત્પન્ન થતા વન્યફળો, પરંપરાગત રોજિંદા લુપ્ત થયેલા સાધનો, માટીના વાસણો,અને લુપ્ત થઈ રહેલી વનસ્પતિના ૩૦૦ પ્રકારના બીજ નું પ્રદર્શન મુકાયું હતું જેમાં શિક્ષણ વિભાગના વહીવટી વડા શ્રી ડોક્ટર વિનોદ રાવ અને જીસીઆરટી ના પૂર્વ ડાયરેક્ટર ટી એસ જોષીએ મુલાકાત લઈ આનંદ વ્યક્ત કર્યો હતો. જ્યારે અન્ય મુલાકાતીઓ પણ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ ઝાંખી જોઈ હરખાઈ ઉઠ્યા હતા. ઉત્સવના સમાપન સમારોહમાં કે ટી પરણ્યા સાહેબે ૧૬૦ શિક્ષકોને એવોર્ડ આપીને પ્રોત્સાહિત કરવાની સાથે આ પ્રયોગો વર્ગખંડમાં સફળ થાય અને ગુજરાતના શિક્ષણને વધુમાં વધુ ઉપયોગી થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.





અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે જી. જી.આર.સી દ્વારા ડ્રિપ ઈરીગેશન દ્વારા ખેતી કરવા માટે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા.

# ‘સ્પા’ નહીં એટલે નહીં...!! મહિલાઓની એસપીને રજૂઆત

## ‘શૈક્ષણિક નગરી મોડાસાને કલંકિત નહીં થવા દઇએ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં ચાલતા સ્પા ની આડમાં ગોરખધંધાઓને લઈને જિલ્લાની જનતામાં રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણાં સમયથી અરવલ્લી જિલ્લા સેવા સદનની આસપાસના વિસ્તારોમાં ધમધમતા સ્પા ની આડમાં ગોરખધંધાને સ્પેશલ ઓપરેશન ગૃપની ટીમ દ્વારા પર્દાફાશ કરવામાં



આવતા હવે લોકો જાગૃત થયા છે. મહિલાઓની ટીમ દ્વારા અરવલ્લી જિલ્લા પોલિસ વડા સંજય ખરાતને રજૂઆત કરવા પહોંચી હતી. અગમ ફાઉન્ડેશન, જમાત-એ-ઈસ્લામિક મહિલા વિંગ,ડિવાઈન ડ્રિમ વુમન ચેરિટેબલ ટ્રસ્ટ., ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને ભગીની સમાજની મહિલાઓ દ્વારા આવેદન પત્ર આપીને સ્પાની આડમાં ચાલતા ગોરખધંધા બંધ કરવાની ઉગ્ર માંગ કરી છે.

જિલ્લા એસ.ઓ.જી. ની ટીમ દ્વારા દરોડા પાડીને સ્પા ની આડમાં ચાલતા ગોરખધંધાનો પર્દાફાશ કરવા છતાં કોઈપણ સામાજિક સંસ્થઆઓ આગળ નહોતી આવી, જેને લઈને બે દિવસ પહેલા મેરા ગુજરાતમાં કોઈક સંસ્થાઓ આગળ આવે તે માટેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો, ત્યારે આજે અગમ ફાઉન્ડેશન, જમાત-એ-ઈસ્લામિક મહિલા વિંગ,ડિવાઈન ડ્રિમ વુમન ચેરિટેબલ ટ્રસ્ટ, ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને ભગીની સમાજની મહિલાઓ આગળ આવી અને જિલ્લા પોલિસ વડાને રજૂઆત કરી હતી.

નાની નાની બાબતોમાં કેટલાક લોકો આવેદન પત્ર આપવા માટે પહોંચી જતા હોય છે, એટલું જ નહીં દેડકાની જેમ ફૂટી નિકળતા કહેવાતા સામાજિક આગેવાનો હજુ ક્યાં છે તે પણ સવાલો પણ લોકોના મનમાં ગૂંચવાઈ રહ્યા છે. વિદેશમાં બનતી ઘટનાઓને લઈને સોશિયલ મીડિય પર ફોટો ચમકાવવાની આવેદન પત્ર, રેલી તેમજ મૌન પાડવાના કાર્યક્રમો કરતા હોય છે. પણ મોડાસા શહેરમાં જગજાહેર ચાલતા અને શૈક્ષણિક નગરીને બદનામ કરતા અને સ્પા ની આડામાં ચાલતો ગોરખધંધા તેમજ તેનું સંચાલના કરનાર ઈસમો કેમ નથી દેખાતા તે પણ સવાલ છે. જે જગ્યાએ સ્પા ની આડમાં ગોરખધંધા ચાલતા હોય છે ત્યાં પણ કોઈકની મા, બેટી અથવા તો પત્નિ હોય છે, તો આવી શોષિત મહિલાઓને બચાવવા પુરુષો અથવા તો સામાજિક સંસ્થાઓ કેમ મગનું નામ મરી પાડવા તૈયાર નથી તે પણ લોકચર્ચાએ જોર પકડ્યું છે.

હાલ તો જાગૃત કેટલીક મહિલા સંગઠનો દ્વારા સ્પા ની આડમાં ચલતા ગોરખધંધાને બંધ કરાવવા જિલ્લા પોલિસ વડાને રજૂઆત કરી છે, ત્યારે પોલિસ તંત્ર દ્વારા કેવા પ્રકારની કાર્યવાહી થાય છે તે જોવું રહ્યું.

## બનાસકાંઠા જિલ્લા ભાજપ આગેવાનો અને કાર્યકર્તાઓએ સમૂહમાં ‘ધ કાશ્મીર ફાઈલ’ ફિલ્મ નિહાળી

પાલનપુર તા. ૧૬

પાલનપુર ખાતે જિલ્લા ભાજપના સિનિયર આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના જન્મ દિવસની ઉજવણી અંતર્ગત સીનેમાઘરમાં સમૂહમાં ધ કાશ્મીર ફાઈલ ફિલ્મ નિહાળી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે કાશ્મીરમાં પંડિતો અને હિન્દૂ પર ગુજારવામાં આવેલ અત્યાચાર ને ઉજાગર કરતી ફિલ્મ ધ કાશ્મીર ફાઈલને સફળતા મળે અને દરેક લોકો આ ફિલ્મ નિહાળે તે માટે વિવિધ સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી રહી છે ત્યારે કાશ્મીર પીડિતો પર થયેલા અમાનુસી અત્યાચાર થી લોકો વાકેફ થાય તે હેતુ થી પાલનપુર શહેર, પાલનપુર તાલુકા, દાંતા તાલુકા, અંબાજી શહેર, અમીરગઢ તાલુકા અને વડગામતાલુકા ભાજપ સંગઠન દ્વારા મંગળવારે પાલનપુરના સુરમંદિર સિનેમા ગૃહ ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ ના જન્મ દિવસ નિમિત્તે જિલ્લા ભાજપના





સિનિયર નેતાઓ અને ૪૭૧ કાર્યકર્તાઓએ સમૂહમાં ધ કાશ્મીર ફાઈલ ફિલ્મ નિહાળી હતી જોકે ફિલ્મ ની શરૂઆત વંદે માતરમના ગાન થી કરવામાં આવી હતી અને ભારત માતા કી જય બોલાવવા માં આવતા સિનેમા જયઘોષ થી ગુંજી ઉઠ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ કોર ગ્રુપના સદસ્ય-બનાસ ડેરીના ચેરમેન અને માજી મંત્રી શંકરભાઈ ચૌધરી, માજી કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, પ્રભારી નંદાજી ઠાકોર પ્રદેશ મંત્રી નોકાબેન પ્રજાપતિ, પૂર્વ જિલ્લા પ્રમુખ રાણાભાઈ દેસાઈ, મહામંત્રી ડાહ્યાભાઈ પિલીયાતર અને કનુભાઈ વ્યાસ, ઈન્ચાર્જ મહામંત્રી કૈલાશભાઈ ગહેલોત, ઉપપ્રમુખ રાણાભાઈ દેસાઈ, યશવંતભાઈ બચ્ચાણી, નિર્મલપુરી સ્વામી, જિલ્લા ઉપ પ્રમુખ અમૃતભાઈ દેસાઈ, જિલ્લા મંત્રી નિલેશભાઈ મોદી, દશરથસિંહ સોલંકી, મનુભાઈ હાજીપુરા, મહિલા મોરચો, યુવા મોરચો, સહિતના ૪૭૧ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા. કેમ જિલ્લા ભાજપના મીડિયા સેલના કન્વીનર રશ્મિકાંત મંડોરા ની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે અંડર ૧૪ અને અંડર-૧૭ ઓપન વોલીબોલ સ્પર્ધા યોજાઈ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કુલ ખાતે અંડર-૧૪ અંડર-૧૭ ઓપન એજગૃપ વોલીબોલ સ્પાર્ધા યોજાઈ હતી જેમા જિલ્લા કલેકટર હિતેષ કોયા ઉપસ્થિત રહીને ટોસ કરી ખુલ્લી મુકી હતી. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ અવરઓન હાઈસ્કુલ ખાતે અંડર-૧૪ અંડર-૧૭ ઓપન એજગૃપ વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી જેમા જિલ્લા કલેકટર હિતેષ કોયા ઉપસ્થિત રહ્યા હતા અને ટોસ કરી રમત ખુલ્લી મુકવામા આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા , તાલુકા હેલ્થ ઓફિસર સોલંકી, મંડળ ના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી, જગદીશ ભાઈ રાવલ સહિત શાળા નો સ્ટાફ વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તો આગામી ૨૩અને ૨૪ માર્ચ ના રોજ અવરઓન હાઈસ્કુલ ના મેદાન ખાતે અંડર-૧૧ અંડર-૧૪ અંડર-૧૭ ઓપન એજ ગૃપ ભાઈઓ બહેનોની સ્પર્ધાઓ યોજાશે.



## ડીસા માર્કેટયાર્ડ દ્વારા આંગણવાડીના કુપોષિત-અતિ કુપોષિત ૨૫ બાળકોને દત્તક લેવાયા

ડીસા, તા. ૧૬

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના જન્મ દિવસ નિમિત્તે શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટયાર્ડ) ડીસા દ્વારા આંગણવાડીના કુપોષિત અને અતિ કુપોષિત બાળકોને ખજૂર - ચણાનું વિતરણ કરી ૨૫ બાળકોને દત્તક લઈ કુપોષિતમાંથી સુપોષિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી.આર.પાટીલના જન્મ દિવસ નિમિત્તે રાજયભરમાંથી કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને ભાજપના આગેવાન માવજીભાઈ દેસાઈ દ્વારા ડીસા શહેરની ૫૦ જેટલી આંગણવાડીના કુપોષિત અને અતિકુપોષિત બાળકોને બુધવારે ડીસા તાલુકા પંચાયતના સભાખંડમાં ચેરમેન માવજીભાઈ



દેસાઈના અધ્યક્ષ સ્થાને અને જીલ્લા ભાજપ ઉપપ્રમુખ કૈલાશભાઈ ગેહલોત, બનાસકાંઠા હોમગાર્ડઝના જીલ્લા કમાન્ડન્ટ આર.એમ.પંડયા, ડીસા નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢિયાર, ડીસા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન એન.ટી.માળી, વિપુલભાઈ દવે અને સીડીપીઓ ચેતનાબેન ગઢવી ની ઉપસ્થિતિમાં આંગણવાડી કાર્યકરો અને લાભાર્થીઓને ખજૂર - ચણાના પેકેટનું વિતરણકરવામાં આવ્યું હતું.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને સૌજન્ય દાતા માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, બાળકોને કુપોષણથી સુપોષણ તરફ લઈ જવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે તે અંતર્ગત ડીસા માર્કેટયાર્ડ દ્વારા ડીસા શહેરની આંગણવાડીના ૨૫ જેટલાં અતિકુપોષિત બાળકોને દત્તક લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## જન્મદિને વધામણી



શૈલેષભાઈ પંડ્યા,
ટીવી રિપોર્ટર
મોડાસા જિલ્લો અરવલ્લી



મિનેષ ભાઈ શર્મા
આકરુન્દ તાલુકો, ધનસુરા



સંજય પટેલ
ધનસુરા જીલ્લો અરવલ્લી



યોગેશભાઈ રમણભાઈ સોની
ઈડર જીલ્લો સાબરકાંઠા

## બાયડ પ્રાઈમ બેન્કના સબઓફીસરનાં માતાનું દુઃખદ અવસાન

રવિવારે વતન ગોકુલપુરા ગામે બેસણું



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ પ્રાઈમ બેન્કના સબઓફીસર હરિચંદ્રસિંહજી વિક્રમસિંહજી ચૌહાણનાં માતા પ્રેમાબા ચૌહાણનું મંગળવારે દુઃખદ અવસાન થયું છે. તા.૨૦ માર્ચ, રવિવારે તેમના વતન ગોકુલપુરા(ટુણાદર) બેસણું રાખેલ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા મધ્યસ્થ બેન્કના નિવૃત્ત અધિકારી વિક્રમસિંહજી પૃથ્વસિંહજી ચૌહાણના પત્નિ અને હરિચંદ્રસિંહજી ચૌહાણ અને સ્વ.જીતેન્દ્રસિંહજી ચૌહાણનાં માતા પ્રેમાબા ચૌહાણનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની અનંત યાત્રામાં મોટો લોકસમુદાય જોડાયો હતો. સદ્ગતનું બેસણું રવિવારે તેમના વતન માલપુર તાલુકાના ગોકુલપુરા ખાતે સવારે ૯-૦૦ થી ૫-૦૦ દરમ્યાન યોજાશે.